# સુરત મહાનગરપાલિકા
# જાહેર અપીલ

**<u>સ્વીકાર કેન્દ્રો પર શ્રી દુર્ગામાતાની પ્રતિમાઓ એકત્રીત કરવા બાબત</u>**

સુરત શહેરમાં આગામી સને–૨૦૨૬ નવરાત્રી ઉત્સવ નિમિત્તે સ્થાપિત કરવામાં આવતી શ્રી દુર્ગામાતાની પ્રતિમાઓને, પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ – ૧૯૮૬ ની કલમ – ૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ધ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં તા.૦૯/૦૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલનાં તા.૧૮/૦૮/૨૦૧૫નાં હુકમને આધારે પર્યાવરણનાં રક્ષણ માટે કુદરતી જળાશયોમાં પ્રતિમાઓનુ વિસર્જન નહી કરતાં, સ્વીકાર કેન્દ્રો પર એકત્રીત કરી AM/NS જેટ્ટી ખાતે વિસર્જીત કરવા સુરત મહાનગરપાલિકા તરફથી નીચે મુજબના સ્વીકાર કેન્દ્રોનું આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | ઝોનનું નામ | સ્વીકાર કેન્દ્રોનું લોકશન |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ડકકા ઓવારો |
| ૨ | સાઉથ ઝોન–એ (ઉધના) | ટી.પી.સ્કીમ નં.૦૬ (મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૩૭૮, ખરવરનગર જંકશન પાસે વાહન ડેપો ખાતે. |
| ૩ | નોર્થ ઝોન (કતારગામ) | ટી.પી.સ્કીમ.નં. ૧૯ (કતારગામ) ફા.પ્લો.નં.૧૯૯, લંકાવિજય ઓવારો પાસે |
| ૪ | નવો પૂર્વ ઝોન (સરથાણા) | ટી.પી.સ્કીમ.નં.૨૫(મોટાવરાછા),ઓ.પી.નં.૬૫, બ્લોક નં.૪૯૦, આનંદધારા સોસાયટી, વિ–૨ પાસે, રામ ચોક, મોટાવરાછા. |

આથી, તાપી નદીમાં થતાં પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે શ્રી દુર્ગામાતાજીની પ્રતિમાઓનું મંડપ / ઘરમાં જ વિસર્જન થાય તે મુજબ આયોજન કરવા અથવા ઉપર જણાવેલ સ્વીકાર કેન્દ્રો પર જ શ્રી દુર્ગામાતાજીની પ્રતિમાઓને પહોંચાડવા જાહેર અપીલ કરવામાં આવે છે.

**ડે.મ્યુ.કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**